## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

કોઈને નાત ખટકે છે કોઈને જાત ખટકે છે,
અમને સંકુચિત દ્રષ્ટિ તણો ઉત્પાત ખટકે છે,
નથી આ ધર્મના ટીલા કલંક છે મનુષ્યોના,
વિરાટોના લલાટે અલ્પતાની ભાત ખટકે છે,

- શૂન્ય પાલનપુરી

### પાથેય

- રમેશ ઠક્કર

## આપણો અભિગમ...

જગતને જોવા માટે આપણી પાસે આંખો છે પરંતુ એને નીરખવા માટે દ્રષ્ટિ જોઇએ..અને એટલે જ નરસિંહ મહેતાએ કહ્યું હશે કે નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યું ? ! આકાશની અજાયબી માત્ર ટેલિસ્કોપથી જોઇએ એ જ પૂરતું નથી આપણી ભીતર એક એવું અજાયબ યંત્ર પડેલું હોય છે જેના થકી નીરખવું એ પણ એક આશ્ચર્યજનક ઘટના હોય છે..આપણો અભિગમ કે આપણું ચિંતન એ એની દિશા નક્કી કરે છે.એક પરિતૃપ્ત ડહાપણ એને ઘડે છે તો અનુભવ થકી એનો કાયાકલ્પ થતો રહે છે..આ આખી પ્રક્રિયા ગૂઢ લાગે એવી છતાં સમજવી આસાન છે..જો કોઇ જાણકાર ઇલમ મળી જાય તો..લેખકો અને ચિંતકો એમાં માહીર હોય છે..સુરેશ જોશીનું ચિંતન જોઇએ..

"કોઇ ફિલસૂફની જેમ મેં જીવનના પ્રશ્નો વિચાર્યા નથી.કેવળ જોઇ રહેવું એ જ મારી તો પ્રવૃત્તિ રહી છે,પણ 'દ્ષ્ટિ'..'દર્શન ' શબ્દ જ કાવતરાંખોર શબ્દો છે.એ ' દ્ષ્ટિ'ની આગળ 'જીવન' ગોઠવાઇ જાય છે, ને એકાએક નવી જવાબદારી અજાણતાં વહોરી લેવા જેવું થાય છે.જોવા પ્રેરાઈએ ભલે વિસ્મયથી કે કુતૂહલથી,,પણ અંતે મનમાં કોઈ ભાત ઉપસી આવતી નથી.એ ભાતની રચના કોણ કરે છે ? જે જોયું તેને સમજાવવાની જવાબદારી માથા ઉપર આવી પડે છે..

મને લાગે છે કે દ્ષ્ટિમાં વિરોધોનું અંતર લુપ્ત કરવા જેટલી વ્યાપકતા હોય તો દ્ષ્ટિ સાચી.એ 'હોવું ' સાચું જેને 'ન હોવું ' સાથે વિરોધ ન હોય.આપણું 'હોવું' કશું વજન ન ધરાવે એવું હોય તે જ ઇષ્ટ છે.આને જ તમે કહો "કર્મફલત્યાગ " બંગાળના બાઉલો એને જ કહે છે 'જાનતે મરા' -જાણીને મરવું. અસ્તિત્વ આપણી સિધ્ધિ નથી.એ તો આપણા ઉપર લાદેલું જ છે.એ અસ્તિત્વના વજનને નિઃશેષ કરી નાખવું એ આપણી જીવનપ્રવૃત્તિ હોઇ શકે.આમાં કોઈ નિરાશા કે હતાશા જુએ એ સાચું નથી.હવામાં ઊંચે સુધી તોળાઇ રહેલા પર્વતોનું કોઇ વજન આપણે અનુભવતા નથી.ઘટાદાર વૃક્ષ એની છાયા જેટલું જ આપણને ભારહીન લાગે છે.પણ વજનદાર માણસો આખા સમાજને કચડી નાખે છે.વજન ઇષ્ટ નથી કારણ કે એ આપણને કચડી નાખે છે.આથી જ તો આધ્યાત્મિક સાધનામાં આપણે જેમ જેમ આગળ વધીએ છીએ તેમ તેમ નિરાકાર,નિર્ગુણ,અને શૂન્યતાના પર્યાયરૂપ બ્રહ્મ તરફ જ ગતિ કરીએ છીએ.."

# વસતિ સંતુલન અનિવાર્ય અગ્રતા છે

### તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશના ઝુઝારું મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે થોડા દિવસો અગાઉ દેશ અને વિવિધ રાજયોમાં ધર્મના બેઝ પર વસતિ સંતુલન જળવાઈ રહેવું જોઈએ એવો આગ્રહ રાખતું નિવેદન કર્યું હતું. આમ તો આ વાત નવી નથી અને પ્રજામાં પણ એ વિશેની ચિંતા દષ્ટિગોચર થતી રહી છે. જો આ મુદ્દે ગંભીરતાપૂર્વક નહીં વિચારીએ તો દેશની સાંસ્કૃતિક ઓળખ અળપાઈ જવાનો ભય પણ છે. એક તરફ 'બહુમતી' ગણાતી હિંદુ વસતિ એના પરિવાર નિયોજનને કારણે ઓછા પ્રમાણમાં વધતી રહે છે. જયારે અલ્પશિક્ષિત ગરીબ વર્ગો અને વિશેષપણે 'લઘુમતિ' તરીકે ગણાતી અને ઓળખાતી મુસ્લિમ વસતીની ટકાવારી વધતી જાય છે. દેશના સાંસ્કૃતિક સ્વરુપ સામે આ મોટો પડકાર બની શકે છે. જેની સામાન્ય પ્રજા બહુ નોંધ લેતી નથી. રોજિંદા જીવનમાં તો નાનો પરિવાર એટલે સુખી પરિવાર અને 'હમ દો - હમારે દો' થી પણ આગળ પતિ-પત્ની એક જ બાળક પછી કુટુંબ નિયોજન કરાવી દઈ એ બાળકને શ્રેષ્ઠ ઉછેર કરવામાં શ્રેય સમજતાં થયાં છે. એથી પણ આગળ આધુનિક જીવનશૈલીમાં તો વળી બાળક બોજારૂપ ગણાતું હોઈ યુગકલો સંતાનોત્પત્તિથી વિમુખ રહેવાનું પસંદ કરવા લાગ્યા છે. આવો ટ્રેન્ડ અલબત્ત સમૃદ્ધ હિંદુ પરિવારોમાં જ જોવા મળે છે. મુસ્લિમો માટે એમના શરિયતના કાનૂન મુજબ આપણા બંધારણે બહુમતિ ઉપર છે એવું કોઈ વૈવાહિક નિયંત્રણ નથી મૂક્યું જેથી તેઓ ચાર પત્નીઓ સુધીનો વૈભવ માણી શકે છે. જો કે સામાન્ય રીતે આવી ઉપાધિ સમજણા અને સુશિક્ષિત મુસલમાનો પણ ન જ વહોરે તે સમજી શકાય એમ છે. પરંતુ મુસ્લિમોની બહોળી વસતિ અલ્પશિક્ષિત અને ગરીબ હોઈ આવી ભૂલ કરી બેસે છે. આથી એક જ છત નીચે ચાર પાંચથીલઈ આઠ દસ બાળકોની લંગાર મુસ્લિમ વસતિની ઓળખ બની ગઈ છે. પરિણામે ટકારાવારીની રૂએ લઘુમતી ધીરે ધીરે બહુમતી તરફ અગ્રેસર બનતી જાય છે. જયારે હિંદુ બહુમતી ક્ષીણ થતી ટકાવારીની રૂએ નીચે ઉતરતા જાય છે આખી દુનિયા પર ઈસ્લામનો ઝંડો ફરકાવવાના ફતવા હજી પણ કટ્ટરપંથી મૌલવીઓ દ્વારા જાહેર થતા જ રહે છે. મોગલ શાસન વખતે કટ્ટરપંથી બાદશાહોએ હિંદુઓનું બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તન કરાવ્યું હતું. એ મુદ્દે કોઈ ઈનકાર કરી શકે એમ નથી. જો કે તેમ છતાં હિંદુ સનાતન ધર્મ એની પ્રચંડ અંતર્નિહિત ક્ષમતાને લીધે મહદંશે ટકી રહ્યો છે. તે મોટી વાત છે. દેશ આઝાદ થયો ત્યારે ભાગલા પડતા ઘણા મુસ્લિમ પરિવારો અને હિંદુ પરિવારોનું સ્થળાંતર થયું હતું. પાકિસ્તાનની રચના જ મજહબના નામે થઈ હતી એટલે એ તો તત્કાળ ઈસ્લામિક રાષ્ટ્ર બની ગયું પણ 'હિંદુસ્તાન' તરીકે ઓળખાતો ભારત દેશ 'હિંદુ રાષ્ટ્ર' તરીકે જાહેર ન થાય એની ગાંધીજીથી લઈ તત્કાલીન તમામ વરિષ્ઠ નેતાઓએ ખાતરી રાખી હતી. એ સમયથી જ હિંદુ મહાસભા જેવી સંસ્થાઓ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને એની રાજકીય શાખા તરીકે અસ્તિત્વમાં આવેલ જનસંઘે દેશને હિંદુ રાષ્ટ્ર તરીકે ઓળખાવવાની ઝુંબેશ ઉપાડી હતી જે આજપર્યંત ચાલુ હોવા છતાં ભારત એની આંતરરાષ્ટ્રીય લોકતાંત્રિક સિદ્ધાંત ઈમેજને આંચ ન આવે તે હેતુસર બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતને વરેલું હોવાનાં જ ગાણાં ગાતું રહ્યું છે. એની જ પ્રતિક્રિયા સ્વરુપે હિંદુત્વનો મુદ્દો રાજકીય બની ગયો અને કોંગ્રેસ હાંસિયે ધકેલાઈ ગઈ છે. ભારતીય જનતા પાર્ટીએ એની હિંદુ બહુમતીની વોટબેંક મજબૂત બનાવવા માટે મુસ્લિમ કાર્યકર્તાઓને ચૂંટણીની ટિકિટોથી વંચિત રાખ્યા જેના પરિણામે આજની તારીખમાં મોદી સરકારમાં સમ ખાવા માટે એક પણ મુસ્લિમ મંત્રી નથી. દેશમાં સોળ રાજયોમાં એક પણ મુસ્લિમ સાંસદ નથી. ગુજરાતમા ઘણાં વર્ષોથી એક પણ મુસ્લિમ ધારાસભ્ય નથી! છતાં વસતિની રૂએ તો એની ટકાવારી હિંદુઓની સરખામણીમાં વધતી જ રહી છે. આથી ધર્માધ્યક્ષોએ તો હિંદુઓને વધુ સંતાનો પેદા કરવાની અપીલો કરવા માંડી છે. મુસ્લિમોની મોટી વસતિ ધરાવતાં દેશના સૌથી મોટા રાજયના કર્ણધાર તરીકે કાર્યરત યોગી આદિત્યનાથે વસતિ સંતુલન બગડતાં આસામ જેવી હિંદુ બહુલ રાજયમાં મુસ્લિમોની ટકાવારી વધી જતાં ત્યાં હિંદુઓ લઘુમતીમાં આવી ગયા હોવાનું ઉદાહરણ પણ ટાંક્યું છે.

# ભારતીય વિદ્યાઓના ઉપાસક સર એડવીન આર્નોલ્ડ

### અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



ગ્રેટ બ્રિટનમાં જન્મેલા સર એડવીન આર્નોલ્ડ (ઈ.સ. ૧૮૩૨થી ઈ.સ. ૧૯૦૪) ભારતીય વિદ્યાઓના પરમ ઉપાસક હતા. મહાન કવિ હતા - માતૃભાષા હોવાથી અંગ્રેજીમાં કાવ્યરચના કરે; પરંતુ સંસ્કૃતમાં પણ કરતા. ઈ.સ. ૧૮૬૧ પછી ચાલીસ વર્ષ 'ધ ડેઈલી ટેલિગ્રાફ'ના પત્રકાર અને પછી તંત્રી હતા. સંસ્કૃત કાવ્ય ગ્રંથોના પદ્ય અનુવાદ કરતા.




ઈ.સ. ૧૮૫૬થી ઈ.સ. ૧૮૬૧ - આ રીતે સાત વર્ષ તેઓ ભારતમાં હતા. પૂનાની ડેક્કન કોલેજના પ્રાચાર્ય હતા. ૧૮૫૭નો વિપ્લવ થયો. તે દરમિયાન પણ તેમણે કૉલેજનું સંચાલન પૂરેપૂરી શાંતિ અને સ્વસ્થતાથી કર્યું. એ માટે પ્રજાજનોએ, સામે ચાલીને જાહેર અભિવાદન કર્યું. ઈ.સ. ૧૮૬૧માં એમણે વિદાય લીધી; ત્યારે 'અલવિદા ભારત' કરીને સરસ કાવ્ય લખ્યું. ઈ.સ. ૧૮૮૬માં એમણે પુસ્તક રુપે પ્રવાસનોંધ પ્રકાશિત કરી. એમાં ભારત માટેનો અહોભાવ છલકાય - 'ઈન્ડિયા રિવિઝીટેડ', પોતાનો પરિચય જ આ રીતે આપે - 'કમ્પેનિયન ઓફ ધ સ્ટાર ઓફ ઈન્ડિયા.'

એમણે મહાભારત, ગીતગોવિંદ, હિતોપદેશ - વગેરેના પદ્યઅનુવાદો આપ્યાં. મહાભારતને તો તેઓ 'ઈલિયડ ઓફ ઈન્ડિયા' કહેતા. એમના અનેક કાવ્યગ્રંથો છે; આમાંથી અહીં માત્ર બેની નોંધ લેવી છે :

(૧) ધ લાઈટ ઓફ એશિયા (ઈ.સ. ૧૮૭૯) - આઠ ખંડોમાં વિભાજિતો આ મહાકાવ્ય છે. ભગવાન બુદ્ધનાં જીવન અને ઉપદેશનો આમાં વિષય છે. રાજકુમાર સિદ્ધાર્થનું ગૌતમ બુદ્ધમાં રૂપાંતરણ છે. મહાકાવ્યનો પ્રસિદ્ધિ મળી છે. આચાર્ય રામચંદ્ર શુક્લએ આનો હિન્દીમાં પદ્ય અનુવાદ કર્યો છે. ઈ.સ. ૧૯૨૫માં આ મહાકાવ્યને આધારે ૯૭ મિનિટ્સની મૂંગી ફઈલ્મ બની હતી. 'પ્રેમસન્યાસ' એના નિર્દેષક જર્મન હતા. ફ્રાન્ઝ ઓસ્ટેન. એમની સહાયમાં હિમાંશુ રોય અને એમના પત્ની દેવિકારાણી હતા. ફિલ્મમાં હિમાંશુ રોય સિદ્ધાર્થનાં પાત્રમાં અને સીતાદેવી યશોધરાના પાત્રમાં હતા. નિરંજન પાલે પટકથા લખેલી.

(૨) ધ સોંગ સેલેસ્ટાઈલ - ઈ.સ. ૧૮૮૫) આ ભગવદ્ગીતાનો પદ્ય અનુવાદ છે. આ પુસ્તક એમણે ભારતને અર્પણ કર્યું છે. એની આ આર્પણ નોંધનો શ્લોક સંસ્કૃતમાં છે 'આમા જે જ્ઞાન અને સમજણ છે, એના વિષે હું ઈંગ્લેન્ડ માટે લખી રહ્યો છું. હે મારા ભારત ! તું મને એના જેટલો જ પ્રિય છો.'

મહાત્મા ગાંધીજી ઈ.સ ૧૮૮૮ - ૧૮૮૯ બે વર્ષ લંડનમાં કાયદાશાસ્ત્રના અભ્યાસ માટે આવ્યા હતા. પોતાની આત્મકથામાં એમણે નોંધ કરી છે - 'આ બંને ગ્રંથો - બે થિયોસોફિસ્ટ ભાઈઓએ મને વાંચવા આપ્યા. મને ગીતાનો પરિચય ત્યારથી થયો. સૌપ્રથમ વાર થયો. ગીતાના જેટલો અંગ્રેજીમાં અનુવાદો થયા છે એમાં આ સૌથી શ્રેષ્ઠ છે. મૂળને વફાદાર અને છતા સ્વતંત્ર કાવ્ય જ લાગે. આનાથી પણ વધુ રસ મને 'ધ લાઈટ ઓફ એશિયા'માં પડ્યો - મને મારા હાથમાંથી મૂકવાનું મન જ ન થાય.' એ વખતે ગાંધીજીની ઉંમર ૧૮-૧૯ વર્ષની હતી. સર એડવીન આર્નોલ્ડને પ્રણામ.

### દિન મહિમા

- ૨૦૦૬માં આજના દિવસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર શરૂ કરવામાં આવ્યું
- વિશ્વ યુવા કૌશલ્ય દિવસ

### આજનું ઔષધ

- તુલસી-મરીનો ઉકાળો ગરમ-ગરમ પીવાથી ઠંડી ઉતરી જાય છે.... ઉકાળામાં ગોળ નાખવો એન ગેસ પરથી ઉતારીને લીંબુ નિચોવી પિતાથી મેલેરિયામાં ઘણો જ ફાયદો થાય છે.

### ખડખડાટ

- ગુજરાતની મહિલાઓ ત્રણ વખત બજારમાં ખરીદી કરવા જાય છે. પહેલીવાર જોવા જાય, બીજી વાર લેવા જાય અને ત્રીજી વાર બદલાવા જાય પણ પાણીપુરી ત્રણેય વાર ખાય હો....!!

### આજનું વોટ્સએપ

- કિંમતી સંબંધ નથી હોતી, પરંતુ તેના પર મુકેલા વિશ્વાસની હોય છે.

# વિશ્વ વન્ય સપ્તાહ કયા મહિનાના પહેલા સપ્તાહમાં ઉજવાય છે?

### ખજાનો
અનિલ પટેલ



### પર્યાવરણ જગત

૧ ૧૯૭૩માં ચિપકો આંદોલનની શરુઆત કયા જિલ્લામાંથી થઈ હતી?
(અ) ચમોલી (બ) ડાંગ
(ક) હોશંગાબાદ (ડ) રાયપુર

૨ સૌપ્રથમ વિશ્વ પૃથ્વી સંમેલન કયા વર્ષે યોજાયું હતું ?
(અ) ૧૯૭૨ (બ) ૧૯૮૨
(ક) ૧૯૯૨ (ડ) ૨૦૦૨

૩ ૨૯ ડિસેમ્બર કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) જલદિન (બ) વિશ્વ પર્યાવરણ દિવસ
(ક) ઓઝોન દિન (ડ) જૈવ વિવિધતા દિવસ

૪ વિશ્વ વન્ય સપ્તાહ કયા મહિનાના પહેલા સપ્તાહમાં ઉજવાય છે ?
(અ) ઓગસ્ટ (બ) સપ્ટેમ્બર
(ક) ઓક્ટોબર (ડ) નવેમ્બર

૫ ભારતમાં વન મહોત્સવનો પ્રારંભ કયારે થયો હતો ?
(અ) ૧૯૪૮ (બ) ૧૯૫૦
(ક) ૧૯૫૨ (ડ) ૧૯૫૬

૬ ગોવિંદ વલ્લભપંચ હિમાલયી પર્યાવરણ અને વિકાસ સંસ્થાન કયા આવેલી છે ?
(અ) અલમોડા (બ) સિમલા
(ક) હરિદ્વાર (ડ) દિલ્હી

૭ ઈલોકોજી શબ્દ સૌપ્રથમ કોણે વાપર્યો હતો ?
(અ) મેન્ડેલીફે (બ) અન્સર્ટ હીકલ
(ક) ડાર્વિન (ડ) ન્યૂટને

૮ ભારતના કયા પ્રાચીન સમ્રાટે પર્યાવરણ સુરક્ષાને વધુ મહત્ત્વ આપ્યું હતું ?
(અ) હર્ષવર્ધન (બ) ચંદ્રગુપ્ત
(ક) અશોક (ડ) સ્કંદગુપ્ત

૯ કયા પ્રકારની ખેતીમાં વનસ્પતિને કાપી નાખીને સળગાવી દેવામાં આવેલ છે?
(અ) ઝુમ (બ) પોનમ
(ક) વાલરા (ડ) બાગાયત

૧૦ ભારતીય વન્ય પ્રાણી સંસ્થાન કયાં આવેલી છે?
(અ) ભરતપુર (બ) દહેરાદૂન
(ક) કુલુ (ડ) સિમલા

૧૧ રાષ્ટ્રીય મરુ ઉદ્યાન કયા રાજયમાં આવેલ છે ?
(અ) ગુજરાત (બ) હરિયાણા
(ક) રાજસ્થાન (ડ) મધ્યપ્રદેશ

૧૨ દુનિયામાં સૌપ્રથમ કાર્બન ટેક્સ લાદનાર દેશ કયો છે ?
(અ) હોલેન્ડ (બ) પોલેન્ડ
(ક) ગ્રીનલેન્ડ (ડ) ફિનલેન્ડ

૧૩ દોહા જલવાયુ પરિવર્તન સંમેલન કઈ સાલમાં યોજાયું હતું ?
(અ) ૨૦૧૦ (બ) ૨૦૧૨
(ક) ૨૦૧૪ (ડ) ૨૦૧૬

૧૪ ૧૯૮૬માં બનેલ ચર્નોબીલ દુર્ઘટના કઈ હતી ?
(અ) અણુ રીએક્ટર બ્લાસ્ટ (બ) આતંકી હુમલો
(ક) ત્સુનામી (ડ) ધરતીકંપ

૧૫ ગ્રીન હાઉસ ઈફેક્ટ શબ્દનો પ્રથમ ઉપયોગ કોણે કર્યો ?
(અ) એ.જી. ટ્રાન્સલે (બ) જે. ફોરિયર
(ક) ઓડમ (ડ) ગ્રેહામબેલ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૫ જુલાઈ :
  - ન્યુટ્રીન્યુઓન્સની શોધ કરનાર નોબેલ પારિતોષિક વિજેતા મેક્સ લેન્ડરમાનનો જન્મદિવસ (૧૯૨૨)
  - સર્કસમાં કામ કરનાર ચાર્લેસ સ્ટ્રેટોન જેને દુનિયા 'જનરલ ટોમ થમ્બ' તરીકે ઓખખતી તેમનું ૪૫ વર્ષની વયે અવસાન (૧૮૩૩)
  - ડચ આર્ટીસ્ટ રેમ્બર્ડ વાન રીન્જનો જન્મદિસ (૧૬૦૬)
  - દેશભક્ત સન્નારી દુર્ગાબાઈ દેશમુખનો જન્મદિવસ(૧૯૦૯)
- ૧૬ જુલાઈ :
  - અમેરિકાએ મેક્સિકો ખાતે આવેલ એલ્મોગોર્ડો ખાતે પ્રથમ અણુબોમ્બ પરીક્ષણ કર્યું (૧૯૪૫)
  - મશહુર અમેરિકન અભિનેત્રી અને ડાન્સર જિન્જર રોજર્સનો જન્મદિવસ (૧૯૧૧)
  - સદ્દામ હુસેન ઈરાકના રાષ્ટ્રપ્રમુખ બન્યા (૧૯૭૯)
  - ચંદ્ર પર ઉત્તરાણ કરનાર નીલ આર્મસ્ટ્રોંગ અને બજ એલ્ડ્રીનને લઈને એપોલો-૧૧ પૃથ્વી પરથી લોન્ચ થયું (૧૯૬૯)
- ૧૭ જુલાઈ :
  - અમીર નગરના ફકીર બાદશાહ તરીકે મશહુર થયેલા ઈન્દુલાલ યાજ્ઞિકનું અવસાન (૧૯૭૨)
  - સ્પેનીશ સીવીલ વોર (યુદ્ધ)ની શરુઆત થઈ (૧૯૩૬)
  - સ્કોટીસ ફિલોસોફર એડમ સ્મીથનો જન્મદિવસ (૧૭૯૦)
  - અમેરિકાના જાણીતા સિવિલ રાઈટ્સ મુવમેન્ટના લીડર જહોન લેવીસનું ૮૦ વર્ષની વયે અવસાન થયું (૨૦૨૦)
- ૧૮ જુલાઈ :
  - સાઉથ આફ્રિકન પ્રેસીડેન્ટ નેલ્સન મન્ડેલાનો જન્મદિવસ (૧૯૧૮)
  - બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સંયુક્ત સેનાએ ફરાસના સેન્ટ-લો શહેર પર કબ્જો કર્યો (૧૯૪૪)
  - અમેરિકન અવકાશયાત્રી જહોન ગ્લેનનો જન્મદિવસ (૧૯૨૧)
  - સાહિત્યકાર અમૃતલાલ પઢિયારનું નિધન (૧૯૧૯)
- ૧૯ જુલાઈ :
  - યુક્રેઈનના બોક્સર અને રાજનેતા વિટાલી કલીસ્ટકોનો જન્મદિવસ (૧૯૭૧)
  - મશહુર અમેરિકન ફિલ્મ અભિનેતા જેમ્સ ગાર્નરનું ૮૬ વર્ષની વયે અવસાન (૨૦૧૪)
  - ભારતીય વૈજ્ઞાનિક જયંત નાર્લીકરનો જન્મદિવસ (૧૯૩૮)
  - સર્કસમાં પ્રાણીઓની તાલીમ આપી હેરંતઅંગેજ ખેલ કરાવનાર અમેરિકન કલાઈટ બેટ્ટીનું ૬૨ વર્ષની વયે અવસાન (૧૯૬૫)
- ૨૦ જુલાઈ :
  - પદ્મ વિભૂષણ સન્માનિત રાયકૃષ્ણદાજીનું નિધન (૧૯૮૦)
  - રેડિયોના શોધક ગુગલીએનો માર્કોનું નિધન (૧૯૩૭)
  - ચંદ્રની ધરતી પર અમેરિકન અવકાશયાત્રીઓએ પગ મૂક્યો (૧૯૬૯)
  - નાશાનું વાઈકીંગ-૧ લેન્ડર મંગળની ધરતી પર ઉતર્યું (૧૯૭૬)
- ૨૧ જુલાઈ :
  - કવિ ઉમાશંકર જોષીનો જનમદિવસ (૧૯૧૧)
  - પદ્મશ્રી વિભૂષિત સંગીતકાર અવિનાશ વ્યાસનો જન્મદિવસ (૧૯૧૧)
  - અમેરિકન સાહિત્યકાર અર્નેસ્ટ હેમીંગવેનો જન્મદિવસ (૧૮૯૯)
  - સ્પેશ શટલ એટલાન્ટીસે ૧૩૫ મીશન પુરા કર્યા (૨૦૧૧)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

ઝી-ન્યુઝના કયા પત્રકાર સામે રાહુલ ગાંધીની અવમાનનાનો કેસ થયો છે?

જવાબ : રોહિત રંજન

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) મુળજીભાઈ પરમાર : સે-૭ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) એન બી ચુડાસમા : સેકટર-૩બી

**આ સપ્તાહનો સવાલ**

એનડીએ દ્વારા કયા મહિલા ઉમેદવારને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉતારા છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'બધાયે સવાલના જવાબ નથી હોતા, (ને) જે હોય છે તે બધા સાચા નથી હોતા...'

### હળવે હૈયે
પ્રકાશ લાલા



'ગાજ્યા મેહ વરસે નહી' એવું કહેવાય છે પણ કયારેક કડાકા - ભડાકા - ગડગડાટ ને વીજળીના ચમકારા સાથે ય વાદળાં વરસી પડતા હોય છે. એટલે ભીંજાવાની મોજ માણવી હોય તો ભલે, અન્યથા છત્રી-રેઈનકોટ સાથે પૂરા સજ્જ થઈને જ નીકળવું રહ્યું....

એવું જ કહેવાય છે કે 'ભસ્યા કૂતરા કરડે નહીં !' અનુભવે જમાના પૂર્વે આ કહેણી પ્રચલિત થઈ હશે... પણ આ કહેવત માણસે બનાવી છે, શ્વાને પોતે નહીં એટલે આજના વિકાસ ને પરિવર્તનના સમયમાં કોઈ કોઈ 'ડોગી'ભષ્યા પછી બચકું ભરવાના મૂડમાં આવી જાય તો ? તેથી નહીં કરડે માની ભસતા કૂતરા પાસે જવાનું જોખમ ના લેવાય.

જગતમાં ઈશ્વરે બધુ અજબ-ગજબ ગોઠવ્યું છે. એણ શેર (એટલે 'સિંહ' પણ ખરો અને વજન પણ....) ને માથે સવાશેર મૂકીને સૌને માપમાં રાખી, બેલન્સ કરે છે. ને બાપ કરતાં દીકરાને સવાયો બનાવી, પિતાને ગૌરવ મળે એવું ય એણે જ ગોઠવ્યું છે....

જીવનમાં ઘણા પ્રશ્નો એવા આવે છે કે જેના જવાબને મળવા મુશ્કેલ હોય છે. દીકરાએ પૂછ્યું : 'મમ્મી, માનવ જાતિ કયાંથી આવી ?' મમ્મીએ કહ્યું : 'બેટા, પહેલા ભગવાને આદમ અને ઈવ બનાવ્યા... એમને સંતાનો થયા એમાંથી પછી માનવજાતનો વિકાસ થયો...'

બે -ચાર દિવસ પછી દીકરાએ આ જ પ્રશ્ન એના પપ્પાને કહ્યો. તો પપ્પાએ સમજાવ્યું : વિશ્વમાં પહેલાં વાંદરા બન્યા.... ઉત્ક્રાંતિવાદ મુજબ પછી એમાંથી માનવ જાતિનો વિકાસ થયો....'

દીકરા મંઝાયો. મમ્મી પાસે જઈ બોલ્યો : 'મમ્મી, હું કન્ફયુઝ થઈ ગયો છું. તું કહે છે કે આદમ-ઈવના સંતાનોમાંથી માણસજાત આવી અને પાપા કહે છે કે વાંદરામાંથી વિકસીને આપણે માણસો બન્યા... સાચુ શું ?'

મમ્મી પણ પળવાર મૂંઝાઈ તો ખરી પણ પછી એને જે ઉત્તર સૂઝ્યો તે કહ્યો : ' જો દીકરા, મેં કહી તે અમારી સાઈડના - તારા મોસાળ પક્ષના - માણસોની વાત હતી... તારા પપ્પાએ એમની સાઈડના માણસો વિશે તને કહ્યું હશે...!!!'

એટલે જ કહ્યું ને કે કેટલાક સવાલના જવાબ મુશ્કેલ હોય છે !!

એક ભાઈએ પોરસાઈને પત્નીને કહ્યું : 'આપણા દીકરાને બુદ્ધિ મારી મળી છે...'

પત્ની બોલી : 'હા, એ તો લાગે જ છે કેમ કે મારી બુદ્ધિ તો મારી પાસે છે !!'

ઈશ્વરે શેરને માથે સવાશેરની ગોઠવણ કરી છે તે આ...

માર્કેટમાં બૂટ-ચંપલની દુકાન આગળ ઊભો રહી એક નાનકડો ગરીબ છોકરો દુકાનના 'શૉ-કેસ' માં મૂકેલા સરસ જૂતાંને ધ્યાનથી તાકી રહ્યો હતો... ફૂટપાથ પરથી જઈ રહેલા એક બહેને આ છોકરાનો જોયો.... એ એની પાસે થોભ્યાં.... છોકરાને માથે હાથ ફેરવી બોલ્યાં : 'બેટા, તું અહીં ઊભો રહી શું કરે છે ?'

'હું પ્રાર્થના કહું છું કે હે ભગવાન, તું આવ ને મને પેલાં સરસ બૂટ અપાવ.'

છોકરાની વાત સાંભળી, પ્રેમ-કરૂણાથી છલકાતા હૃદયવાળા બહેને પ્રેમથી એને દુકાનમાં લઈ ગયા. દુકાનદારને છોકરાના માપનાં સરસ બૂટ કાઢી આપવા કહ્યું ને સાથે મોજાની એક જોડ પણ... દુકાનકારે છોકરાના પગના પંજાનું માપ લઈને, એના માપના આકર્ષક બૂટ કાઢી આપ્યા... પેલા કરૂણામૂર્તિ બહેને છોકરાને મોજા ને બૂટ પહેરાવ્યા... છોકરો આ બધું આશ્ચર્યથઈ જોઈ રહ્યો હતો.

બહેને કહ્યું : 'તને તારા ગમતાં બૂટ મળી ગયા ને ? હશે તને પગમાં સારું લાગશે... ભગવાને તારી પ્રાર્થના સાંભળી લીધી, ખરું ને ?'

ગરીબ - છોકરો રાજી રાજી થઈ જતાં નિર્દોષ ભાવે બોલ્યો : 'હાં હોં..... '

ભગવાને મારી પ્રાર્થના સાંભળીને તમને મોકલ્યા..... તમે ભગવાનનાં પત્ની છો ને !'

પેલાં બહેન પાસે શું બોલે ? કંઈક સ્પષ્ટતા કરી, છોકરાની શ્રદ્ધા ને વિશ્વાસને તોડવાની એમની હિંમત ના ચાલી.... એ હસતાં હસતાં, છોકરાને માથે પ્રેમથી હાથ ફેરવી નીકળી ગયા....

સાચ્ચે જ કેટલાક પ્રશ્નના જવાબ નથી હોતા કે અઘરા હોય છે.... ને ત્યારે 'મૌન' થી અચ્છો ઉત્તર કશો શું હોઈ શકે ?